SPIPA

# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા

સફલ પ્રેલ્યુડની સામે, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

ક્રમાંક : પરક્ષ/૨૦૧૮ /અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્ર/પૂસેતા/પરીક્ષા/પ.પ્ર

તા.૨૦/૦૭/૧૮

પ્રતિ,
નિયામકશ્રી,
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી,
સેકટર–૧૮
ગાંધીનગર

વિષય :–અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીનાં સંશોધન મદદનીશ/આંકડા મદદનીશ માટે પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા યોજવા બાબત

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨/૦૬/૧૮ના પત્ર ક્રમાંક: અઅક/૧૦૨૦૧૭/૨૦૯૭/સ અન્વયે જણાવવાનું કે, આ સંસ્થા ધ્વારા સંશોધન મદદનીશ/આંકડા મદદનીશોની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા તા.૧૮/૦૯/૧૮ થી તા.૧૯/૦૯/૧૮ દરમ્યાન યોજવાનું નિયત કરવામાં આવેલ છે. આ પરીક્ષાના આયોજન માટે કુલ–૪ પેપર માટે પ્રતિ પરીક્ષાર્થી દીઠ રુ.૧૦૦૦/– લેખે પરીક્ષાર્થીઓની ગણતરી કરી પ્રતિ પરીક્ષાર્થી રુ.૧૦૦૦/– લેખે ફીની થતી રકમ આ સંસ્થા ખાતે સત્વરે જમા કરાવવા વિનંતી છે.

સ્પીપા ધ્વારા લેવાતી દરેક ખાતાકીય પરીક્ષા તા.૦૧/૦૨/૧૮થી On Line યોજવાનું નિયત થયેલ છે. તદઅનુસાર પ્રસ્તુત પરીક્ષા On Line યોજવામાં આવશે.

**હેતુલક્ષી પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ :–**

(૧) પ્રસ્તુત પરીક્ષામાં કુલ–૪ પ્રશ્નપત્રો રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું રહેશે જે પૈકી પ્રશ્નપત્ર ૧ થી ૩ની પરીક્ષા On Line અને હેતુલક્ષી પ્રકારે યોજાશે. જેમા ૧ પ્રશ્નના ચાર વિકલ્પો રહેશે.
(૨) પ્રશ્નપત્ર ૧ થી ૩ના જવાબો On Line આપવાના રહેશે.
(૩) પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ નથી.

સ્પીપા પરીક્ષા લઈ પરિણામ જાહેર કરશે. સબંધિત ઉમેદવારોને પરીક્ષાની તારીખ, સમય, પરિણામની વગેરે જેવી પરીક્ષાલક્ષી માહિતીની જાણ આપની કક્ષાએથી કરવાની રહેશે. પરીક્ષાલક્ષી ઉપસ્થિત થનાર કોર્ટ કેસ, આરટીઆઈ અથવા અન્ય વિગતો માંગવામાં આવે તો તે કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહેશે.

સદરહુ પરીક્ષામા ઉપસ્થિત રહેવા ઈચ્છતા ઉમેદવારોના અરજીપત્રકો, (પરિશિષ્ટ–ક), તેઓના નામની યાદી (નિયત નમૂનામાં) વગેરે તમામ માહિતિ તા.૦૧/૦૯/૧૮ સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે. જેથી સમયસર બેઠક નંબર ફાળવી શકાય. આ પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા ઉમેદવારનું હાજરી પત્રક સહ ઓળખપત્ર આ સાથે મોકલવામાં આવે છે. પરીક્ષાર્થીઓને તેમની કચેરીના વડાના સહી સિકકા સાથે હાજરી પત્રક સહ ઓળખપત્ર પરીક્ષાના દિવસે લઈને આવે તેવી સૂચના તમામ ઉમેદવારોને આપવા અને તેમ કર્યાની અત્રે જાણ કરવા વિનંતી છે.

વિનંતી છે. ઉમેદવારોએ જે પ્રશ્નપત્રો પુસ્તકો સાથે આપવાના છે તે તમામ પુસ્તકો આપની કચેરી ધ્વારા પુરા પાડવાના રહેશે અને તે તમામ પુસ્તકો સરકાર માન્ય હોવા જોઈએ, ગાઈડ સ્વરુપના કે અન્ય કોઈ પુસ્તકો પરીક્ષા સમયે માન્ય રાખવામાં આવશે નહી. જે બાબતની પણ ઉમેદવારોને જાણ કરવા વિનંતી છે.

પ્રસ્તુત પરીક્ષામાં વિજાણુ ઉપકરણ તેમજ મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ છે. પરીક્ષાર્થીઓને પરીક્ષા ખંડમાં મોબાઈલ સાથે પ્રવેશ આપવામાં આવશે નહી. પરીક્ષા સમયે જો કોઈ પરીક્ષાર્થી મોબાઈલ, કેલક્યુલેટર તથા અન્ય વિજાણુ ઉપકરણો સાથે પકડાશે તો તેમના જોખમે તેમને પરીક્ષા ખંડની બહાર મોકલી દેવામાં આવશે જેની જાણ પણ પરીક્ષાર્થીઓને કરવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપની વિશ્વાસુ

(સોનલ ગવાન્ડે)
નાયબ નિયામક(પરીક્ષા)
સ્પીપા, અમદાવાદ

# પરિશિષ્ટ–'અ'

## સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા – પરીક્ષામાં બેસનાર ઉમેદવારનું ઓળખપત્ર

આ હાજરીપત્રક ઓળખપત્રક જરૂરી વિગતો ભરીને પરીક્ષા સમયે અચૂક સાથે લાવવું અને પરીક્ષા ખંડમાં નિરીક્ષકને સોંપવું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પરીક્ષા લેનાર સંસ્થાનું નામ | : | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | તમારો તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો અહી ચોટાડીને તે ઉપર તમારી સહી કરવી. |
| ૨. | પરીક્ષાનું નામ | : | અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીનાં સંશોધન મદદનીશ/આંકડા મદદનીશ માટે પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા તા.૧૮/૦૯/૧૮ થી તા.૧૯/૦૯/૧૮ | |
| ૩. | પરીક્ષાનું સ્થળ | : | | |
| ૪. | પરીક્ષાર્થીનો બેઠક નંબર | : | | |
| ૫. | પરીક્ષાર્થીનું પુરું નામ અને હોદ્દો | : | | |
| ૬. | પરીક્ષાર્થીની કચેરીનું નામ / સરનામું – ફોન નંબર | : | | |
| ૭. | પરીક્ષાર્થીના ઘરનું સરનામું<br>ફોન નંબર તથા મોબાઈલ નંબર | : | | |
| ૮. | પરીક્ષાર્થી અનુસૂચિત જાતિ, જનજાતિ ઉમેદવાર છે કે કેમ ? | : | | |
| ૯. | કેટલામી તકથી આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે. | : | | |
| ૧૦ | મુકિત મળેલ હોય તો તેની વિગત(મુકિત મળેલ હોય તે પરિણામનાંજાહેરનામાની નકલ બિડવી) | : | | |

કચેરીના વડાની સહી / સિકકો

# પરિશિષ્ટ –'બ'

## પરીક્ષાનો કાર્યક્રમ સહ પરીક્ષાર્થીનું હાજરીપત્રક

| ક્રમ | તારીખ | સમય | પ્રશ્નપત્ર | જવાબપોથીનો નંબર | ઉમેદવારની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૮/૦૯/૧૮ | ૧૧–૦૦ થી ૧૩–૦૦ | પેપર–૧ (ગુણ–૧૦૦) પુસ્તક સાથે હેતુલક્ષી | | |
| ૨ | ૧૮/૦૯/૧૮ | ૧૪–૦૦ થી ૧૬–૦૦ | પેપર–૨ (ગુણ–૧૦૦) પુસ્તક સાથે (હેતુલક્ષી) | | |
| ૩ | ૧૯/૦૯/૧૮ | ૧૧–૦૦ થી ૧૩–૦૦ | પેપર–૩ (ગુણ–૧૦૦) પુસ્તક સાથે (હેતુલક્ષી) | | |
| ૪ | ૧૯/૦૯/૧૮ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | પેપર–૪ ( ગુણ ૧૦૦) પુસ્તક વગર (વર્ણનાત્મક) | | |

નોધ :– જો કોઈ પ્રશ્નપત્રમાં ઉમેદવાર ગેરહાજર રહે તો નિરીક્ષકે કોલમ–૫ માં ગેરહાજર શબ્દ લખી કોલમ–૬ માં સહી કરવી.

તા. ૧/૧/૧૯૭૦ ના પરિપત્ર ક્રમાંક: ખતપ-૧૯૬૮/૬૯-ક થી નિયત કરેલ

પરિશિષ્ટ – ક

અરજી ફોર્મ

-૨૦...... ના ...................... મહિનામાં લેવાનારી ...................................................................................ખાતાકીય પરીક્ષામાં બેસવા અંગેની અરજી

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરૂં નામ, (અટક પહેલાં લખવી) (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| ૨ | હોદ્દો, (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| 3 | હાલમાં નોકરી કરતા હોય તે ખાતા/કચેરીનું નામ | |
| ૪ | જન્મતારીખ અને આ પરીક્ષા સમયે વય | |
| ૫ | નિમણૂંકની તારીખ અને નોકરીમાં કુલ વર્ષ (રાજયપત્રિત-બિન રાજયપત્રિત) | |
| ૬ | અગાઉની પરીક્ષામાં બેઠા છો કે કેમ? જો હા તો - | |
| | (ક) જે પરીક્ષામાં બેઠા હો તેનો મહિનો અને વર્ષ | |
| | (ખ) કંઇ મુક્તિ મેળવી છે કે કેમ? જો હા તો ગુણ પરીક્ષાનું વર્ષ અને વિષય અંગેની વિગતો જણાવો | |
| | (ગ) મેળવેલી મુક્તિનો લાભ લેવા ઇચ્છો છો કે કેમ? "હા" અથવા "ના" લખો. (અહી કરેલી પસંદગીને આખરી ગણવામાં આવશે અને તેમાં કંઇ ફેરફાર કરવાની છૂટ આપવામાં આવશે નહિ.) | |
| ૭ | જે અનુસાર પરીક્ષામાં બેસવાનું થતું હોય તે સત્તા અથવા નિયમ | |
| ૮ | જેમાં પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે તક-સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા- તારીખ અને પાત્રતા પૂરી થયાની તારીખ જણાવવી | |
| ૯ | પૂરી થયેલી પ્રયાસ સંખ્યા | |
| ૧૦ | વધારાની (ખાસ) તક અપાઇ છે કે કેમ (જે અનુસાર વધારાની (ખાસ) તક અપાઇ હોય તે હુકમ નંબર અને તારીખ નિર્દિષ્ટ કરી તેની એક નકલ મોકલવી.) | |
| ૧૧ | વય અથવા નોકરીની મર્યાદામાં છૂટછાટ મૂકતા સત્તા ધરાવતા અધિકારીઓ હુકમ નંબર અને તારીખ (હુકમની નકલ મોકલવી) | |
| ૧૨ | પરીક્ષા પાસ કરવાનો હેતુ (દા.ત. કાયમી રાખવું, સરકારી નોકરીમાં ચાલુ રહી શકવું કે બઢતી વગેરે) | |
| ૧૩ | ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં બેસવા પાત્ર છે કે કેમ? | |
| ૧૪ | શેરો, કઇ હોય તો. | |

સ્થળ : ..................................

તારીખ : ...................................

(ઉમેદવારની સહી)

પાત્રતા પ્રમાણ

" પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરની વિગતો અંગે ખરાઇ કરવામાં આવી છે અને તે ખરી જણાઇ છે શ્રી ........................................................................ સન ....................................... માં લેવાનારી પરીક્ષામાં બેસતા માટે પાત્ર છે.
"

તારીખ :

(ખાતા/કચેરીના વડાની સહી અને હોદ્દો)